# ગ્રામ્ય કન્યા કેળવણીના અવરોધક પરિબળોમાં શિક્ષણની ભૂમિકા

ડૉ. યોગેશકુમાર આર. પરમાર
અધ્યાપક,
શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાળા કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ-388 450.

**૧. પ્રસ્તાવના**

સ્ત્રી એ પ્રેમ અને ત્યાગની મૂર્તિ છે. સ્ત્રી પુજનીય છે. જીવનનમાં મૂલ્યોની પવિત્રાતા, શુદ્ધતા, સન્માન, ગૌરવ જાળવવામાં સ્ત્રીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. સ્ત્રી રાષ્ટ્રની અમૂલ્ય મૂડી 'માનવમૂડી'ને ઘડવાનું કામ સ્ત્રી કરે છે. સ્ત્રીની ગોદ એ વિશ્વની મહાન યુનિવર્સિટી છે. કારણ કે સ્ત્રી એ જનેતા છે. બાળક નાગરિકતાનો પ્રથમ પાઠ માતાના ખોળામાંથી જ શીખે છે. માતા જેવા ગુણો અને સંસ્કારો બાળકમાં રેડશે તેવા ગુણિયલ અને સંસ્કારી નાગરિકો દેશના ઘડતરમાં ઉપયોગી થશે. સ્ત્રી દૈવી શક્તિ છે. રામ, કૃષ્ણ, બુદ્ધ, પયંગબર, ઇશુ વગેરેની જન્મદાતા સ્ત્રી જ હતી. સંસ્કૃતમાં પણ કહેવાયું છે કે '**कार्येशु मंत्री भोजनेशु माता**'. આ જ સ્ત્રીનું મહત્ત્વ દર્શાવે છે.

સ્ત્રીનું સમાજમાં વિશેષ મહત્ત્વ હોવા છતાં હજુ પણ તેમની કેળવણી પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. આપણે સૌ 8મી માર્ચને વિશ્વ મહિલા દિન તરીકે ઉજવી સંતોષ અનુભવી લઇએ છીએ પણ ભારતીય વસ્તીના સંદર્ભમાં સાક્ષરતાનું પ્રમાણ જોતાં આપણો ભ્રમ ભાંગી જાય તેવી સ્થિતિ છે. 1951 થી 2001 સુધીમાં સાક્ષરતાનો દર આ પ્રમાણે નોંધાયો છે-

| વસ્તી ગણતરી વર્ષ | વ્યક્તિ | પુરૂષો | સ્ત્રીઓ | પુરૂષ-સ્ત્રીના સાક્ષરતા દર વચ્ચેનો તફાવત |
|---|---|---|---|---|
| ૧૯૫૧ | ૧૮.૩૩ | ૨૭.૧૬ | ૦૮.૮૬ | ૧૮.૩૦ |
| ૧૯૬૧ | ૨૮.૩૦ | ૪૦.૪૦ | ૧૫.૩૫ | ૨૫.૦૫ |
| ૧૯૭૧ | ૩૪.૪૫ | ૪૫.૯૬ | ૨૧.૯૭ | ૨૩.૯૮ |
| ૧૯૮૧ | ૪૩.૫૭ | ૫૬.૩૮ | ૨૯.૭૬ | ૨૬.૬૨ |
| ૧૯૯૧ | ૫૨.૨૧ | ૬૪.૧૩ | ૩૯.૨૯ | ૨૪.૮૪ |
| ૨૦૦૧ | ૬૫.૩૮ | ૭૫.૮૫ | ૩૪.૧૬ | ૨૧.૭૦ |

ઉપર્યુક્ત સર્વેક્ષણ જોતાં સત્ય એ છે કે સ્વતંત્રાતા પછી કન્યા કેળવણીનું પ્રમાણ વધે તે માટે સાર્થક પ્રયાસો થયા છે. પરિણામે પરિસ્થિતિમાં સુધારો થયો પણ તેની ગતિ સંતોષજનક નથી. વર્ષ

1951 થી માંડીને વર્ષ 2001 સુધીના સાક્ષરતાનું પ્રમાણ જોતાં પુરૂષની તુલનામાં ભારતની કુલ વસ્તીના સંદર્ભમાં અડધો-અડધ જેટલી સ્ત્રીઓ નિરક્ષર માલુમ પડે છે. ભારતની કુલ વસ્તીની 22.7 % સ્ત્રીઓ ફરજિયાતપણે ખેતીના કામમાં રોકાયેલી છે. જેમાંની 89.5% સ્ત્રીઓ ગ્રામ્ય વિસ્તારમાં ખેતી તથા ઔદ્યોગિક કામમાં રોકાયેલી છે. આમ, ભારતમાં શિક્ષણ અને તેમાંયે કન્યા કેળવણીની સ્થિતિ દયનીય અને ગંભીર ગણાવી શકાય. ભારત જેવા વિકાસશીલ દેશ માટે આ એક અવરોધક અતિ સંવેદનશીલ અવરોધક પરિબળ માની તેના સંદર્ભમાં વિચારવાની તાતી જરૂર છે.

અભ્યાસકે અહીં આ કન્યા કેળવણીના સંદર્ભમાં સાક્ષરતાનો દર નીચો રહેવાના કારણો અને તેના નિવારણના ઉપયો વિનમ્ર ભાવે પ્રસ્તુત કરવાનો પ્રયાસ હાથ ધર્યો છે

.

**● ગ્રામ્ય વિસ્તારમાં કન્યા કેળવણીના અવરોધક પરિબળો**

**૧. સંકુચિતતા / લોકજાગૃતિનો અભાવ**

આપણી સામાજિક પરંપરા દીકરીને સાપનો ભારો માનતી આવી છે. દીકરી તો સાસરે જ શોભે અને તેને સાસરે વળાવીએ એટલે ગંગા ન્હાયા. એ સમાજના આમ આદમીની સહજ ભાવના રહી છે. વળી એમાંય પાછું સ્ત્રીએ તો ઘર અને છોકરાં સાચવવાનાં એને ભણીને ક્યાં મોટા વેપાર-ધંધા કરવાના છે? આવી સંકુચિતતાએ દીકરીને ભણતી રોકી રાકી છે. દીકરીના ચાર વાસણ સાફ કરે અને ઘરનો કૂડો-કચરો કાઢે એટલે બહું થયું એવી કુપમંડુક વિચારસરણીવાળા મા-બાપ દીકરીને અભ્યાસ અભ્યાસ કરતાં રોકે છે.

**૨. સામાજિક કુરિવાજો**

આજે પણ આપણે ત્યાં નાનપણમાં દીકરા-દીકરીના વેવીશાળ તો ક્યાંક લગ્ન પણ થતાં રહ્યાં છે. ભારતના અંતરિયાળ વિસ્તાર તો ઠીક પણ આજના આપણા કહેવાતા આધુનક ભદ્ર સમાજમાં પણ વધુ ભણેલી વહુને સ્વીકારવા તૈયાર નથી. એવી જ રીતે દીકરો જ દી' વાળે એવી આપણી ખોટી ભ્રમણા આપણને દીકરી તરફ દુર્લક્ષ સેવવામાં મજબૂર બનાવે છે. પરિણામે દીકરી શિક્ષણથી વંચિત રહે છે.

**૩.આર્થિક સંકળામણ**

દિવસે'ને દિવસે વધતી જતી મોંઘવારી અને સામે પક્ષે ઘટતી જતી રોજગારી ક્યારેક ઇચ્છવા છતાં પણ આપણને અથવા આપણા બાળકોને વિદ્યાભ્યાસ કરતાં રોકે છે. કુટુંબમાં એવી કોઇ આવક નથી કે દરેકને ભણાવી-ગણાવી શકેઅને એમના વિદ્યાભ્યાસનો ખર્ચ ઉઠાવી શકે. કુટુંબના દરેક સભ્યો રોજગારીમાં રોકાય અને બે પૈસા કમાય તો અને તો જ ઘરનો ચૂલો સળગે એવી સ્થિતિ છે. આવી વિકટ પરિસ્થિતિમાં વિદ્યાભ્યાસ કરે તે પાલવે તેમ નથી. પરિણામે કોઇકને તો આ પરિસ્થિતિનો સામનો કરવો પડે છે અને તેનાથી તેને વંચિત રહેવું પડે છે. આ વિટંબણાનો પ્રથમ સામનો દીકરીએ જ કરવો પડે છે.

**૪.બાળ મજૂરી**

વર્ષ 2001ની વસ્તીગણતરીના આંકડા મુજબ કુલ ભારતીય વસ્તીના 65.38 % લોકો સાક્ષર હતા જે પૈકી 75.85 % પુરૂષો અને 54.16 % સ્ત્રીઓ હતાં. જેમાંનાં 6 થી 14નાં 193 લાખ બાળકો પૈકી 8.1 લાખ બાળકો શાળા શિક્ષણથી વંચિત રહ્યાં હતાં હતાં. સપ્ટે, 2004માં દાખલ થયેલ બાળકો પૈકી 59.8 % જેટલાં બાળકોએ જ પાંચ ધોરણ સુધીનું શિક્ષણ પૂર્ણ કર્યું હતું જેમાં છોકરીઓનું પ્રમાણ વધું હતું.

**૫.અપવ્યય અને સ્થગિતતા**

MHRD ના અહેવાલ મુજબ વર્ષ 2001માં પ્રાથમિક શિક્ષણમાં દાખલ થયેલ વિદ્યાર્થી પૈકી વર્ષ 24.82 % વિદ્યાર્થીઓ 2005માં પોતાનું શિક્ષણ પૂર્ણ કરી શક્યા ન હતા અને વચ્ચેથી પોતનું શિક્ષણ છોડી ચાલ્યા ગયા હતા. ઉપર્યુક્ત અહેવાલ મુજબ છોકરીઓનું પૂર્વ પ્રાથમિક શિક્ષણ ન પુરું કરી શકાનારમાં છોકરાઓ કરતાં 15% પ્રમાણ વધું હતું. આવું જ વરવું પરિણામ સ્થગિતતાને કારણે પ્રાપ્ત થયું છે.

**૬.સહ-શિક્ષણ**

સમયના બદલાતા પ્રવાહને જોરે આપણે ત્યાં છોકરાઓ અને છોકરીઓની મિશ્રશાળા દિવસે અને દિવસે વધુ અમલિત બનતી જાય છે. છોકરાઓ છોકરીઓ સાથે અભ્યાસ કરે એક દૃષ્ટિએ સારી બાબત છે પરંતુ જેમ એક સિક્કાની બે બાજુ હોય તેમ આ મિશ્ર શાળાઓમાં કેટલાંક વરવાં પરિણામો આપણને મળ્યાં છે જે આપણી જાણમાં છે. પરિણામે ક્યાંક તેની સ્ત્રી શિક્ષણ ઉપર અને તેની સંખ્યા ઉપર નકારાત્મક અસર પડી છે.

**૭.નિરસ અભ્યાસક્રમ**

અભ્યાસક્રમ / પાઠ્યક્રમની રોચકતા, ઉપયોગિતા અને વાસ્તવિકતા સાથે વ્યવહારુતા હોવી જરૂરી બને છે. એટલું જ નહી પરંતુ કૌશલ્યગત અભ્યાસક્રમ હોવો એ પણ એટલી જ મહત્ત્વની બાબત છે. પરંતુ ક્યાંક કેટલીક મર્યાદાને કારણે આપણે હજી સુધી એ પ્રમાણેનો અભ્યાસક્રમ દાખલ નથી કરી શક્યા પરિણામે કેટલાંક બાળકો વિદ્યાભ્યાસ છોડી ચાલ્યા જાય છે.

**૮.શાળામાં શિક્ષિકાઓની અપૂરતી સંખ્યા**

હજી આજે પણ આપણી શાળાઓમાં શિક્ષિકાઓનું પ્રમાણમાં જોઇએ તેટલા પ્રમાણ કરતાં ઓછું છે પરિણામે વિદ્યાર્થીએ પોતાનું મોટાભાગનું શિક્ષણ પુરૂષ શિક્ષક સાથે રહીને મેળવવું પડે છે. જે આપણો રુઢિચૂસ્ત સમાજ ચલાવી લેતો નથી અને પરિણામે તે પોતાની દિકરીને વિદ્યાભ્યાસ કરવા દેતો નથી. સાથે-સાથે દીકરીઓ પણ અમુક ઉંમર પછી પુરૂષ શિક્ષક સાથે રહીને અભ્યાસ કરવામાં શરમ સંકોચ અનુભવે છે. આ સાથે કેટલાક સંજોગોમાં પુરુષ શિક્ષક દ્વારા વિદ્યાર્થિનીઓની જાતીય સતામણી પણ છોકરીઓ અને વાલીઓને શાળા શિક્ષણ છોડવા મજબૂર બનાવે છે.

**૯.શિક્ષણનું ખાનગીકરણ**

પાછલા દસ વર્ષોમાં જોઇએ તો બિલાડીના ટોપની જેમ ખાનગી શિક્ષણ સંસ્થઓનો રાફડો ફાટયો છે જ્યાં સુવિધા અને કહેવાતી આભાસી ગુણવત્તાને નામે શિક્ષણ ફી અને ઇતર ફી સ્વરૂપે અઢળક નાણાં વાલીઓ પાસેથી ખંખેરી લેવામાં આવે છે. આવા સંજોગામાં ગરીબ વર્ગ તો ઠીક પણ મધ્યમ વર્ગીય પરિવાર આ ફીનો બોજ ઉઠાવી શકતો નથી, ઇચ્છવા છતાં પણ તે પોતાના બાળકને શિક્ષણ અપાવી શકતો નથી અને પરિણામે તે શાળા શિક્ષણ છોડી દે છે.

ઉપર્યુક્ત જેવા કારણો / પરિબળોને ધ્યાનમાં લેતાં આપણી શાળા કક્ષાએ કન્યા શિક્ષણનું પ્રમાણ ઘટ્યું છે. આ પ્રમાણ સુધારવા માટે નીચે જેવા પ્રયાસો હાથ ધરી શકાય તેમ છે-

**●ગ્રામ્ય કન્યાઓના શિક્ષણ સુધારણા માટેના વ્યૂહાત્મક પગલાં**

**૧. શાળાની ભૂમિકા**

- કન્યાકેળવણી વિષયક વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે ચિત્રસ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, કન્યાકેળવણીનો સંદેશો આપતું ચિત્ર
 પ્રદર્શન યોજી શકાય.
- દેશ-વિદેશની સન્નારીઓની પ્રસિદ્ધિ તેમજ તેમના કાર્યોની ડૉક્યુમેન્ટરી દર્શાવી લોક જાગૃતિ કેળવી શકાય.
- વિદ્યાર્થીનીઓ અને વાલીઓને સ્ત્રી શિક્ષણના ફાયદા જણાવી તેમને સ્ત્રી શિક્ષણ પ્રત્યે આકર્શિત કરી શકાય.
- કન્યાઓને રસ પડે અને સાથે કૌશલ્યગત અર્થોપાર્જન કરાવી શકે તેવી શાલેય પ્રવૃત્તિનું આયોજન કરી શકાય. સાથે-સાથે સ્ત્રીઓને શિક્ષણ સાથે આર્થિક લાભ થાય તેવા વ્યાવસાયિક કોર્ષ દાખલ કરી શકાય. જેમ કે ભરત, ગુંથણ, સિવણ, બ્યૂટી પાર્લરના કોર્ષ.

### ૨. શિક્ષકની ભૂમિકા

- શાળામાં વિશ્વ મહિલા દિન જેવા દિવસોની ઉજવણી કરવી જોઇએ જેમાં વિવિધ ક્ષેત્રોમાં નામના પ્રાપ્ત કરનાર સ્ત્રીઓને બોલાવી તેમની પ્રગતિ / સિદ્ધિની ચર્ચા કરવી સાથે-સાથે તેમની પ્રગતિ / સિદ્ધિમાં શિક્ષણની ભૂમિકાની ચર્ચા કરવી.
- વિવિધ ક્ષેત્રોની પ્રતિષ્ઠિત નારી જેવી કે કસ્તુરબા, મધર ટેરેસા કલ્પના ચાવાલ, મહાદેવી વર્મા, વગેરેની જન્મતીથિ, મરણતીથિની ઉજવણી કરવી.
- અવૈધિક શિક્ષણ, અનૌપચારિક શિક્ષણ જેવા કાર્યક્રમો હેઠળ એક સક્રિય શિક્ષક રહીને પૌઢ નિરક્ષર સ્ત્રીઓ માટે શિક્ષણના વર્ગો ચલાવવા.
- આવા કાર્યક્રમોમાં શિક્ષકે અને ખાસ કરીને શિક્ષિકાઓએ આગળ આવવાની ખાસ જરૂર છે.

### ૩. વાલીઓ તથા સમાજની ભૂમિકા

- સાક્ષરદીપ, કન્યા કેળવણી જેવા કાર્યક્રમોમાં સક્રિય ભાગીદારી આપવી.
- સમાજમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ બહેનોનું સન્માન કરવું અને જાળવવું.
- સ્ત્રીઓ સમાજમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે એ માટે યોગ્ય માર્ગદર્શન અને પ્રેરણા પુરાં પાડવાં.

### ૪. સરકારી તંત્રની જવાબદારી

- કન્યા કેળવણી અને વિદ્યાલક્ષ્મી બૉન્ડ જેવા કાર્યક્રમોને વધુ વેગવંતા બનાવવા.
- સ્ત્રી કર્મચારીઓને સ્કૂલ-કૉલેજના પ્રવેશમાં બહોળી તક આપવી.
- સરકાર દ્વારા ફાળવવામાં આવતી સ્ત્રી કેળવણી માટેની ગ્રાન્ટનું પ્રમાણ વધારવું અને તેનો યોગ્ય સુચારુ ઉપયોગ થાય તેવા પ્રયત્નો હાથ ધરવા.
- શાળા-કૉલેજ કક્ષાએ સ્ત્રી છેડતી / શોષણ કરતાં પરિબળોને કપરી શિક્ષા કરવી અને તેને ઉગતાં ડામવાં.
- શાળા-કૉલેજ CWDC જેવી સંસ્થાઓની સ્થાપના કરવી અને અને તેની પ્રવૃત્તિઓને વેગવંતિ બનાવવી.

### ૫. ગ્રામ્ય પાયાની સુવિધાઓનો વિકાસ

આદર્શ ગામના સંદર્ભમાં જીવન જરૂરી કેટલીક પાયાની સુવિધાઓ જેવી વિજળી, આરોગ્ય, શિક્ષણ, બજાર અને ઔદ્યોગિક એકમો જેવી પાયાની સુવિધઓ વિક્સાવવાથી આવી સમસ્યાઓનો હલ વિચારી શકાશે.

### ૬. શિશુની સારસંભાળની વ્યવસ્થા

આપણે અગાઉ જોયું તે મુજબ મોટાભાગની મહિલાઓ ખેતી અને અને ઔદ્યોગિક એકમોમાં મજુરી કરે છે. આ સ્ત્રીઓના બાળકો સાચવાની એટલી જ વિકટ પરિસ્થિતિ છે. મોટો ભાઇ કે બહેન પોતાના માતાની અવેજીમાં અને એમાંયે દીકરી શિક્ષણના ભોગે આ જવાબદારી સ્વીકારી લે છે પરિણામે તે શિક્ષણથી વંચિત રહી જાય છે.

### ૭. અભ્યાસક્રમ અથવા પાઠ્યક્રમમાં સુધારણા

અઘરા અને સંકૂલ લાગતા અભ્યાસક્રમમાં સુધારણા કરવાની આવશ્યકતા જણાય છે. મોટાભાગે માહિતી પ્રધાન લાગતા આજના અભ્યાસક્રમને સ્થાને કોશલ્યપ્રધાન જીવનોપયોગી અભ્યાસક્રમનો અમલ કરવો અતિઆવશ્યક છે.

### ૮. પાઠ્યપુસ્તકમાં સ્ત્રીસંબંધી વિવરણમાં સુધારણા

પાઠ્યક્રમના ચયનમાં એવા એકમોની પસંદગી ન કરવામાં આવે કે જ્યાં સ્ત્રીની ગરિમા, લાગણીને ઠેસ પહોંચે સાથે-સાથે નારી સહજ ભાવના અને અને તેને પ્રોત્સાહિત કરી શકે તથા સ્વમાનને ઉજાગર કરે તેવા પાઠ્યક્રમનું ચયન કરવું જોઇએ.

### ૯. કન્યા શિક્ષણમાં પ્રાદેશિક અસમાનતાદૂર કરવી જોઇએ

શાળા કક્ષાએ સહપાઠી અને શિક્ષક દ્વારા મહદ અંશે તો થોડેઘણે અંશે પ્રાદેશિક બાબતોને અથવા વંશીય બાબતોને લઇને જાણે આજાણે ગેરવર્તનો થતા રહે છે. પરિણામે આવી બાબતોથી

પીડાતા બાળકો વિદ્યાભ્યાસ છોડીને ચાલ્યા જાય છે. માટે આવી અનઇચ્છીય વર્તનો પર લગામ લાદવાની જરૂર છે.

**૧૦. ગ્રામીણ કન્યાઓના શિક્ષણ-પ્રચાર માટે સંચાર માધ્યમોનો ઉપયોગ કરવો જોઇએ.**

**૧૧. ગ્રામીણ કન્યા શિક્ષણ સંદર્ભે સંશોધન, વિકાસ અને તેનો યોગ્ય અમલ કરવો જોઇએ.**

**૧૨. શિક્ષણ પ્રબંધમાં મહિલાનું પ્રતિનિધિત્વ વધારવું અને અને તેને વેગવંતુ બનાવવું**

**૧૩. ગ્રામીણ શાળામાં અભ્યાસ કરતી બાળાઓને વિશેષ સુવિધઓ સાથે તેને પ્રોત્સાહન મળી રહે તેવી ખાસ સ્કૉલરશીપ આપવામાં આવે.**

**૧૪.અનૌપચારિક શિક્ષણની વ્યવસ્થા**

આજે ઘણી બધી બાળાઓ / કન્યાઓ એવી છે કે કૌટુબિક-સામાજિક બાબતોને કારણે ઔપચારિક શિક્ષણથી વંચિત રહી જાય છે પરિણામે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે અનૌપચારિક શિક્ષણ જેવા કે રાત્રી વર્ગ, જે તે સ્થળ ઉપર જઇને શિક્ષણ જેવી બાબતોને અમલીત કરવી જોઇએ.

આમ, આ સિવાય પણ ઘણી બધી રીતે આપણે કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરી શકીએ તેમ છીએ અને ના માત્ર કન્યા કેળવણીને વેગવંતુ પરંતુ સમાજની પ્રગતિને એક ગતિ પ્રદાન કરી શકીએ છીએ. આ માટે સમાજે આગળ આવવાની જરૂર છે. સમાજની સેવાભાવી સંસ્થાઓએ આ માટે પોતાના સેવા કાર્યોમાં વિશેષ પ્રાધાન્ય આપી કન્યા કેળવણીના અભિગમને પ્રબળ બનાવવાની જરૂર છે.

- **ઉપસંહાર**

'એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.' જો આ બાબત સાચી જ હોય તો ભણેલી-ગણેલી માતા અચૂક બાળ વિકસ અને એ થકી રાષ્ટ્ર વિકાસમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપી શકશે. એવી જ રીતે એક અન્ય પણ કહેવત છે કે- 'સ્ત્રી બે કૂળને ઉજાળે અથવા ઉજારે'. અર્થાત એક સ્ત્રી પોતાના વાણી, વ્યવહાર અને વર્તનથી ધારે તો પોતાના માવતર અને સાસરીના કૂળને ઉજાળે આથવા તો તેને ઉજાગર કરે. નિર્વાદિતપણે એ ઉલ્લેખનીય છે કે ભણેલી-ગણેલી ગુણિયલ સ્ત્રી હંમેશાં પોતાને અને પોતાના કૂળને ઉજાગર જ કરશે.